જિલ્લા ...ધિકારી કચેરી
...રેલી
1645
પરીક્ષા
૭/૯/૨૨

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/2022/100360-396
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.07/09/2022

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:- વિદ્યાર્થી વિજ્ઞાન મંથન 2022-2023 ભારતની સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા બાબત

સંદર્ભ:- શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પત્રક્રમાંક:પરચ/122022/vip-124/વ.2 તા.29/08/2022

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રના બિડાણથી મળેલ વિજ્ઞાન ગુર્જરીના તા.22/08/2022ના પત્ર અન્વયે જણાવવાનું કે ભારત સરકાર વિજ્ઞાન પ્રસાર સંસ્થા, વિજ્ઞાન તથા ટેકનોલોજી વિભાગ, NCERT, શિક્ષણ વિભાગ અને વિજ્ઞાન ભારતીના સંયુક્ત ઉપક્રમથી રાષ્ટ્રીય કક્ષાને પ્રતિભા શોધ પરીક્ષા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન(વીવીએમ-VVM) 2022-2023 યોજવામાં આવનાર છે. VVMએ ભારતની સૌથી મોટી સાયન્સ ટેલેન્ટ સર્ચ છે. વીવીએમ એ બાળકોને વિજ્ઞાનમાં રસ ઉત્પન્ન કરવા કલ્પના શક્તિ વિકસાવવા તેમજ વિદ્યાર્થીઓની ઉત્કૃષ્ટતાનું પાલન કરવા અંગે એક માધ્યમ પૂરૂં પડે છે આ સ્પર્ધા ધોરણ-6 થી 11 ના વિદ્યાર્થીઓ માટે છે.

વિદ્યાર્થી વિજ્ઞાન મંથન 2022 એ ડીજીટલ એપ્લીકેશન આધારિત પરીક્ષા છે. જે ઓનલાઈન લેવામા આવે છે, આ માટે વિદ્યાર્થીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન <u>તા.15 જુલાઈ 2022 થી સપ્ટેમ્બર-2022 દરમ્યાન થઇ શકશે. મોક ટેસ્ટ 1 નવેમ્બર-2022 થી ચાલુ થશે. પરીક્ષાની તા.27 નવેમ્બર 2022 રવિવાર તથા 30 નવેમ્બર 2022 બુધવારના રોજ સવારે 10 થી સાંજના 6 વાગ્યા સુધી વિદ્યાર્થીઓ દ્વારા તેમના લોગીન આઈડી થી લોગીન થઇ શકશે.</u> આ પરીક્ષાનું પરિણામ 20 ડીસેમ્બર 2022 ના રોજ જાહેર થશે. વધુ માહિતી વીવીએમ ની વેબસાઈટ **www.vvm.org.in** પરથી મેળવી શકાશે. ઉક્ત બાબતે મહત્તમ સંખ્યામાં ધોરણ-9 થી 11 ના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લે તે માટે જરૂરી કાર્યવાહી કરવા આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં ઉક્ત વિગતો મોકલી આપશો.

૭/૯

પરીક્ષા
શાળાઓને જાણ કરીએ.

વધુ માહિતી માટે ડૉ.પ્રશાંત કુંજડીયા,પ્રાંત સચિવ વિજ્ઞાન ગુર્જરી **9824252544**, શ્રી મનસુખભાઈ નારીયા સ્ટેટ કોર્ડિનેટર વીવીએમ **9426812273**, શ્રી પંકજભાઈ દરજી સ્ટેટ કોર્ડિનેટર વીવીએમ **9429080492** પર સંપર્ક કરી શકશો.

(બી.એમ.સોલંકી)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને

પરિપત્ર: ૧૭૭

ક્રમાંક:પરક્ષ/વિજ્ઞાન પ્રતિભા શોધ/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી.તા.૧૨/૦૯/૨૦૨૨

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ શાળાઓ.
જિ.અમરેલી